ॐ

श्रीमते रामानुजाय नमः

# શ્રી રામરક્ષા સ્તોત્ર.

પ્રયોજક અને પ્રકાશકઃ—

શ્રી વૈષ્ણવ ભગવાનદાસ વિશ્રામ દેલવાડાકર

"સદ્ગુરૂ પદાવળી"

તથા

"ઉપદેશામૃત બાવની" ના કર્તા.

પ્રત ૧૦૦૦ ] [ મુલ્ય અમુલ્ય.

સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

પ્રકટ કરનાર—ભગવાનદાસ વિશ્રામ દેલવાડાકર.

ઠેકાણું—ઝવેરી કાનજી માલજીની દુકાન, અબદુલ રહેમાન સ્ટ્રીટ,

મુંબઈ, નં. ૩.

છાપનાર—શા. મગનલાલ જગજીવનદાસ.

શ્રી 'સરસ્વતી' છાપખાનું, નાગદેવી રસ્તો, મુંબઈ, [ ૯૫૦×૭૬. ]

મુંબઈના

જુના

પાયોનીયર

# કાનજી માલજી ઝવેરી.

આખા

એશીયા ખંડમાં

ફેશનેબલ દાગીના

તેમજ મશીન પાલીસની

પહેલ કરનાર.

અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ.
પોસ્ટ નં. ૩.
ટેલીફોન નં. ૭૮૨.

# બે બોલ.

આવા ન્હાના પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર હોય જ નહીં કારણ કે "આદિ રામરક્ષાસ્તોત્ર" ઉપરથી મ્હારી અલ્પમતિ અનુસાર ગુજરાતી ભાષાંતર કરવામાં આવેલું છે.

પરન્તુ જેમના સ્મરણાર્થે આ લઘુ પુસ્તક પ્રગટ કરવામાં આવે છે તેમને પણ આ તકે મારે વિસરવા જોઈતા નથી.

સંસ્કૃત શિક્ષણના બહોળા પ્રચારના અભાવે મારા સ્વર્ગસ્થ કાકા શ્રી જેઠાલાલ લાખાભાઈની શુભેચ્છા અને માગણીથી આ "રામરક્ષા સ્તોત્ર" નામક લઘુ પુસ્તકનું ભાષાંતર કરવા હું પ્રેરાયો. દિલગીરી એટલીજ કે તેમની ઇચ્છાઓ તેમની હયાતીમાં પાર પડે તે પહેલાં તેઓ શ્રીરામ શરણ થયા.

તોપણ સ્વર્ગસ્થની ઇચ્છાઓને પોષનાર તેમના લઘુબંધુ શાર્દુલભાઈએ પોતાના વડીલ બંધુના સ્મરણ ચિન્હ તરીકે આ લઘુ પુસ્તક પ્રસિદ્ધ લાવવા માટે ઉદાર દિલથી જે સહાયતા આપી છે તે માટે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પ્રસંગે સ્વર્ગસ્થ જેઠાલાલ ભાઈની સહજ ઓળખાણ આપીશ કે, તેઓશ્રી કાઠીઆવાડમાં આવેલા ડેડાણ ગામના રહીશ હતા. તેમના પિતાશ્રીનું નામ **લાખાડોસલ** હતું કે જે નામ હજી પણ **ડેડાણ** અને તેની આસપાસના ગામોમાં જાણીતું છે.

પોતાના વતનમાં પ્રાથમિક કેળવણી સંપાદન કરી ન્હાની વયમાંજ તેમનાં મોટા ભાઈ સ્વર્ગસ્થ નાનજીભાઈ (કે જેઓ તેમના સ્વર્ગવાસ પહેલાં બેજ વર્ષે સ્વર્ગે સિધાવ્યા હતા તે)ની સાથે મુંબઈ

આવેલા હતા અને મુંબઈના જુના અને જાણીતા ઝવેરી કાનજી માલજીને ત્યાં રહી પોતાના ધંધામાં આગળ વધવા ઉપરાંત જેઓ તેમના સંસર્ગમાં આવતા તેમના તરફથી અત્યંત ચાહ મેળવતા હતા. તે ઉપરાંત સ્વર્ગસ્થ જેઠાલાલભાઈને સ્વ:જ્ઞાતિ માટે એટલી તો લાગણી હતી કે જો મંડળ સ્થપાય તો ખરી ઐક્યતાની લાગણીઓ અરસપરસ પ્રવર્તે અને તેવા મહાન ભાવથી સ્વ:જ્ઞાતિમાં પરજીયા સોની મિત્ર મંડળનામક મંડળની સ્થાપના પોતાની હૈયાતિમાંજ કરી ગયા હતા, કે જે મંડળ હજી પણ પોતાની ફરજ બજાવી રહ્યું છે.

આવા ઉમદા વિચારશીલ શખ્સની ઇચ્છાઓ તેમના સ્વર્ગવાસ પછી પણ પાર પડી છે અને હું ચક્ષુહિણ હોવાથી તેમાં જે જે ભાઈઓએ લખી વાંચી અને પ્રુફ સુધારી આપવાની ઉદારતાથી જે સહાયતા આપી છે તે માટે તે સર્વેના હું આ પ્રસંગે આભાર માનું છું.

ઈશ્વર સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પો એ યાચના સહિત વિરમું છું.

લી૦

**પ્રયોજક અને પ્રકાશક.**

# અર્પણ પત્રિકા.

## હરિગીત છંદ.

સોની પરજીયા જ્ઞાતિ સાગર, શાખ છે જેઓ તણી;
વતની ઉનાકેરા મહાશય, માલજી કુળના મણી.
શ્રીમાન્ ધોશાળી દિલાવર, ચતુર હિમ્મતવાનજી;
કહેવાય છે મુંબઈતણા, જુના ઝવેરી **કાનજી.**
તેઓતણાં જે ધર્મપત્ની, સદ્‌ગુણી શિયળવતી;
ભગિનીભલા **સ્વર્ગસ્થ જેઠાલાલ** કેરાં શ્રીમતી.
તે પૂજ્ય માતુવર્ય **મૂળીબાઈને** આ ગુર્જરી;
અર્પણ કરૂં છું **રામરક્ષા,** હૃદયમાં પ્રીતિ ધરી.
રાખો સદૈવ અખંડ સુખ, સૌભાગ્ય તેનું શ્રીપતી;
ટાળો સકળ સંકષ્ટને, આપો અનુપમ સંતતિ.
પતિ ભક્તિ સંપત્તિ તેમની, પ્રીતિ વધારો ધી અતિ;
છે માગણી એ દાસની, "**ભગવાન**" નિશદિન તમપ્રતિ.

# શ્રીમતે રામાનુજાયનમઃ

## અથ શ્રી રામરક્ષા સ્તોત્ર ભાષાંતર.

### દોહરો.

શ્રી સીતા રઘુનાથને, કરી નમન સાક્ષાત્,
કરૂં રામરક્ષા તણું, પદ ભાષાંતર ભ્રાત;
મંત્ર રામરક્ષા અને, રૂપી કૌશિક સુખખાણ,
સીતા રઘુવર દેવતા, છંદ અનુષ્ટુપ જાણ;
શક્તિ સીતા કીલક છે, શ્રીમદ્ પવન કુમાર,
શ્રીપતી પ્રિત્યર્થે જપો, સ્તોત્ર સદા નિરધાર.

### હરિગીત છંદ.

આ જાનુ કર શરધર ધનુષ્ય સ્થિર, બદ્ધ પદ્માસન અને;
નવ કમળ દળ સ્પર્ધી પ્રસન, ચક્ષુ ધર્યા પિત વસનને;
વામાંગ સીતા મુખ કમળ મિલ, નેત્ર, તન, ઘનસ્યામ છે;
વિધ વિધ અલંકારો વડે, શોભીત પૂરણ કામ છે.

### દોહરો.

જટા મુકુટશિરપર ધર્યા, રામચંદ્ર ભગવાન,
ધરૂં નિરંતર તેહનું, સ્નેહ સહિત હું ધ્યાન;
ચરિત્ર શ્રી રઘુનાથનાં, શત કોટી વિસ્તાર,
એક એક અક્ષર મહા, પાતકને હરનાર;
શોભીત જટા મુકુટવડે, નીલકમલ ઘનશ્યામ,
સીતા લક્ષ્મણ યુકત પ્રભુ, રાજીવલોચન રામ;

ભાથાં બાણો ધનુષ કર, અજવિભુ નિશિચર કાળ,
જગત્રાતા લીલાવડે, પ્રગટયા પરમ દયાળ;
ધ્યાન ધરી તે પ્રભુ તણું, પાપ સકળ હરનાર,
પઢો રામરક્ષા સફળ, ઇચ્છાને કરનાર:
રક્ષણ મમ મસ્તક તણું, રાઘવ કરો સદાય,
ભાલ તણું પણ ભાવથી, દશરથ સુત રઘુરાય;
કૌશલ્યા સુત નેત્ર મમ, મખત્રાતા મમ ઘ્રાણ,
ગાધી સુત પ્રિય કર્ણનું, મુખ લક્ષ્મણ પ્રિય પ્રાણ.

## હરિગીત છંદ.

રસના તણું વિદ્યા નિધિ, સુરી ભરતવંદીત કંઠનું,
ભવચાપ ભંજન હસ્તદિવ્યા, યુધ્ધ ધર મમ સ્કંધનું;
સીતાપતી કર ફરશુધરજીત, હૃદય મધ્યે ખર અરી,
નાભી તણું કપી ભાલુને, દેનાર આશ્રય શ્રી હરી.

## લાવણી.

સુગ્રીવના ઇશિ કટીમમ શક્તિનું, વજ્રાંગી પ્રભુ મ્હારા,
ઉર ઉરૂ રઘુકુળમાં ઉત્તમ, રાક્ષસ કુળ ક્ષય કરનારા;
જાનુની સેતુકૃત જંઘાનું, રાવણને હણનારા,
ચરણ વિભિષણ શ્રીદતન રક્ષણ, રઘુવરરામ કરો પ્યારા;
રામ તણા બળ વાળી રક્ષા, જેહ પઢે સુકૃત કરનાર,
થાય ચીરાયુ સુખી અને સુત, વિજય વિનય પામે નિરધાર;
રામ નામથી રક્ષીત જનને, ભુમિ, પાતાળ, ગગન મોઝાર
ફરનારા અંત્રીક્ષ વિષે, નથી જોઇ કદી અસુરો શકનાર;

રામભદ્રવા, રામચંદ્રવા, રામનું સ્મરણ કરે નર જેહ,
મહા પાપથી નલેપાયે, પામે છે સુખ મુક્તિ તેહ;
સ્તોત્ર થયેલું જગ જીતનારા, રામનામ મંત્રે રક્ષીત,
પાઠ કરે તેને સૌ સિદ્ધિ, થાયે કરમાં પ્રાપ્ત ખચિત્ત.

## હરિગીત છંદ.

આ વજ્ર પંજર નામનું જે રામકવચ સ્મરણ કરે,
લોપે ન આજ્ઞા કોઇ તેની હોય મંગળ જય ખરે;
આ રામ રક્ષા જે રીતે સ્વપ્ના વિષે રૂદ્રે કહી,
તે રીતથીજ પ્રબુદ્ધ બુદ્ધ કોશિક લખી પ્રાતઃ મહીં;
સહુ સુરતરૂ આરામ કર-હરનાર સઘળી આપદા,
શ્રીમાન રામ પ્રભુ અમારા ત્રય ભુવન આનંદદા;
જે તરૂણને સુકુમાર અતી બળવાન રૂપ સંપન્ન છે,
સરસિજ સમાન વિશાળ દ્રગ મૃગ ચર્મ જુના વસન છે.

## દોહરો.

ફળ મુળનો આહાર જે ઇંદ્રી વશ કરનાર,
બ્રહ્મચર્ય દ્રઢ વળી વ્રત શુભ આદરનાર;
એવા દશરથરાયના પુત્ર જગત વિખ્યાત,
મહા તપસ્વિ ઉભય તે રઘુવર લક્ષ્મણ ભ્રાત;
શરણ સકળ અંતઃકરણ યુક્ત તણા નિરધાર,
કરનારા નિશિચર તણા કુળ તણો સંહાર;
સર્વ ધનુષ્ય ધારી વિષે વર રઘુકુળ મોઝાર,
કરો અમારી સર્વદા રક્ષા જગદાધાર;

## સવૈયા એકત્રીસા.

સ્પર્શ કર્યો છે બાણ તણો ને સજ્જ કીધું જેણે સારંગ,
ભાથાં અખુટ ભરી રાખ્યાં છે બાણ તણાં જેઓએ સંગ;
સદૈવ મારી આગળ ચાલો પંથે પ્યારા પૂરણ કામ,
કરો વળી મારૂં રક્ષણ લક્ષ્મણ ને શ્રી રઘુનાયક રામ;
ઉન્નત કવચ ધર્યું છે અંગે હસ્ત વિષે ધારી તલવાર,
યુવા અવસ્થાવાળા જે શર ધનુષ ધર્યાં છે કર મોઝાર;
કરો મનોરથ પૂર્ણ અમારા પરવરતાં પંથે રહી સાથ,
લક્ષ્મણ સહિત કરો રક્ષણ વળી રામ ત્રીભુવન કેરા નાથ.

## દોહરો.

પુત્ર સુમિત્રાજી તણા જેના ભ્રત્ય મહાન,
દાશરથી શુરવીર તે રામ મહા બળવાન;
પ્રગટયા શ્રી કાકુસ્ત નૃપ કેરા કુળ મોઝાર,
રઘુવર કોશલ્યા તનય પુરૂષ પુરણ કરતાર.

## ચોપાઇ.

જે વેદાંતવડે ભગવાન જણાયે જાનકી પ્રિય શ્રીમાન,
પુરાણ પુરૂષોત્તમ યજ્ઞેશ જેનું પરાક્રમ વેષ્યન લેશ;
નામ કહેલાં નિત્ય સમસ્ત શ્રદ્ધા યુક્ત જપે મદ ભક્ત,
સીંધવ મેઘ અયુત સમતેહ પામે ફળ ત્યાં નહીં સંદેહ;
પીત વસન ધરનારા રામ કમળ નયન દુરવાદળ સ્યામ,
દિવ્ય સ્તવે તે પ્રભુનાં નામ ભવનો ટળે પળે પરધામ.

## દોહરો.

ભ્રાતવડા લક્ષ્મણ તણા રઘુવર સુંદર શ્યામ,
પ્રગટેલા કાકુસ્તના કુળમાં રાઘવ રામ;
શાંત મુર્તિ સીતાપતી કરૂણાતણા સમુદ્ર,
લોકોને આનંદ કર દ્વીજ વલ્લભ રાજેંદ્ર;
રાવણ અરી રઘુકુળ તિલક દશરથ રાજકુમાર,
ધાર્મિક સાગર સત્યના વંદુ ગુણ ભંડાર;
કરનારા વિધિના પ્રગટ રામભદ્ર શ્રીરામ,
રામચંદ્ર સીતાપતી કરૂં રઘુનાથ પ્રણામ;
રામ રામશ્રી રામશ્રી રઘુનંદન શ્રીરામ,
રામ રામશ્રી રામશ્રી ભરતાગ્રજ શ્રીરામ;
રામ રામશ્રી રામશ્રી રણ કર્કશ શ્રીરામ,
રામ રામશ્રી રામભવ શરણ રામ શ્રીરામ;

## હરિગીત છંદ.

શ્રીરામચંદ્ર તણા પદાંબુજને સ્મરૂં હું સ્વમનથી,
ગાઉં વળી શ્રીરામચંદ્ર ચરણકમલ ગુણ વચનથી;
મસ્તક વડે શ્રીરામચંદ્ર તણા નમું હું ચરણને,
શ્રીરામના હું થાઉં પ્રાપ્ત ઉભય પદાંબુજ શરણને;

## દોહરો.

સ્વામી મ્હારા રામ છે રામચંદ્ર મમ તાત,
રામચંદ્ર છે મિત્ર મમ રામ દયાળુ માત;
રામચંદ્ર છે માહરૂં સરવે જગમોઝાર,
જાણું નહીં અજાણુમાં એવિણ અન્ય લગાર;

અગ્ર પવનસુત દક્ષિણે લક્ષ્મણ સીતા વામ,
તે શ્રીરઘુનંદન પ્રભુને હું કરૂં પ્રણામ.

## લાવણી.

સહુ લોકોને આનંદ અતિ કરનારા,
રણરંગ ધીર રાજીવલોચન હરિ પ્યારા;
રઘુવંશ નાથ કારૂણ્યરૂપ કરૂણાકર,
તે રામચંદ્રને થાઉં શરણ હું ખરેખર;
વાયુસમ છે ગતીવાન વેગમાં મન સમ,
જીતેંદ્રિય બુદ્ધિવાન વિષે સર્વોત્તમ;
કપિ યુદ્ધ અંદર જે મુખ્ય રામના કિંકર,
તે પવન તનય ને જાઉં હું શરણ સદંતર.

## દોહરા.

કવીતા રૂપ શાખાપરે આરૂઢ થઇ નિરધાર,
રામ રામ મધુરા ઉભય અક્ષરનો ગુંજાર;
મધુરી વાણીથી અતિ જેઓ છે કરનાર,
વંદુ તે વાલ્મિક મુની કોકિલને આ વાર;
આપત્તિ ને આપદા છે જે સૌ હરનાર,
દેનારા જે લોકને છે આનંદ અપાર;
સુખ સંપદા તણા વળી જેઓ છે દાતાર,
હું, તેવા શ્રી રામને પ્રણમું વારંવાર;
બીજ બધાં ભવજળ તણાં ભસ્મ કરી દેનાર,
આપનાર સુખ સંપત્તિ જે છે અપરંપાર;
તીરસ્કાર યમરાજના કિંકરનો કરનાર,
રામ રામ ઇતિ ગર્જના કરૂં ઉરે ધરી પ્યાર.

## હરિગીત છંદ.

જે રામ રાજ્યમણી નિરંતર વિજય કરનારા અતિ,
તે રામને ભાવે ભજું જે રામ કમળાના પતિ;
જે રામ યાતુધાન કેરા સૈન્યને હણનાર છે,
તે રામનેજ પ્રણામ મમ સાષ્ટાંગ વારંવાર છે;
જે રામથી પરનર અવર શરણે જવા લાયક નથી,
તે રામ કેરો દાસ હું છું કર્મ ને મન વચનથી;
લય થાય ચિત્ત શ્રીરામ રઘુવરને વિષે મારૂં સદા,
ઉદ્ધાર મમહે! રામચંદ્ર કરો હરો ભવ આપદા;
શ્રીરામ ઇતિ શ્રીરામ ઇતિ શ્રીરામ એમ ઉમાપ્રતી,
ભાખે સદા શીવ રમણ હું જે રામમાં કરૂં છું સતી;
તે રામ રઘુનંદન વીષે મમ મન રમો દિન પ્રતિદિને,
શ્રીરામ નામ સહસ્ત્રનામ સમાન જાણ વરાનને.

## દોહરો.

સુમેરદાસ ગુરૂકૃપા વડે પદય મોઝાર,
રૂષી બુદ્ધ કૌશિક પ્રણિત ભવભયને હરનાર;
કર્યો રામરક્ષા તણો યથામતિ અનુવાદ,
કરશો પાઠ પઠન સહુ આણી મન આલ્હાદ;
ક્ષમા જણાતાં કાવ્યમાં દોષ તણી શ્રીમાન્,
યાચું છું કરશો ભલું સર્વ તણું "ભગવાન."

સમાપ્ત.

# નિરધનીયાનું વીલ.

( ખુને જીગરકુ૦ )

સાચા સંબંધી મારા, તમને છેલ્લા છે પ્રણામ, ટેક.

જે હોયે મારા દોષો, તેને સમુળા ખોશો;
કરિ યાદ મને નહિં રોશો. મુખથી કરશો રામ રામ—સાચા.

કીધી ન અદા મેં મારી, કરજો તેની આવારી;
માગુંછું પાસ તમારી, મારી માયાળુ તમામ—સાચા.

છું તે માટે ઉપકારી, વેળા ન લગાર વિચારી;
આપીને શ્રમ બહુ ભારી, સાધ્યા છે જે મેં સ્વકામ—સાચા.

થાશું આપણ સૌ ભેળા, કોઇ મોડા કો' વહેલા;
જવાને છે સરજેલા, અંતે નિશ્ચે રામ ધામ—સાચા.

ત્યાં છે બહુ વસીલા મોટા, જગમાં નથી તેના જોટા;
અહીંના છે સરવે ખોટા, કેવળ કરનારા દમામ—સાચા.

કડવાશ તમે કો' સંગે, કરશો ના કોઇ પ્રસંગે;
રહીને સંપે ઉછરંગે, અવિચળ કરજો આપ નામ—સાચા.

સંબંધ પરસ્પર પ્રીતે, સાચવજો રૂડી રીતે;
નિશદીન સ્મરજો સ્થિર ચીત્ત, કરૂણા સીંધુ વિશ્વજામ—સાચા.

"ભગવાન" તણો આ કીકર, સોંપે છે કરી વીલ આખર;
ભુલતા ના શ્રી સીતાવર, તમ સૌ કરશે પુર્ણ હામ—સાચા.

# અંતિમ માગણી.

## ( ઓધવજી સંદેશો. )

જુદા પ્રાણ પડે જ્યારે તનથી, પ્રભુ
કરજો ત્યારે એટલું જગદાધાર જો;
સંતતણો સમુદાય લગાડે સ્નેહથી,
ધુન તમારા નામતણી તે વાર જો—જુદા૦

સ્નેહિ સંબંધી પણ સર્વ સમીપે મળી,
ગાય ગુણાનુવાદ તમારા નાથ જો;
સુખ શાન્તિમાં હોયે તે વેળા વળી,
સમસ્ત જનકેરો રઘુનાયક સાથ જો—જુદા૦

મતિ ચોંટે તમ ચરણે મારી શ્રી હરી,
મન પણ મમ આડું અવળું નવ જાય જો;
રહે નહી લવલેશ શુભાશુભ વાસના,
પડદો તમ માયાનો અળગો થાય જો—જુદા૦

અવધ તણું સ્થળ હોયે તટ સરયુ તણો,
રામનવમી શશીવાસર મંગળ કાળ જો;
મુખમાં તુળસીદળ જળ તમ ગુરૂ પાદનું,
શરીર પરે તમ છાપ તીલક ને માળ જો—જુદા૦

હોય હૃદયમધ્યેપર વ્યુહ અવતારને,
અંતર્યામી તમ અર્ચાનું ધ્યાન જો;
અનંત સીતા માત સહીત કરૂણા કરી,
જરૂર બીરાજો સંનમુખ કૃપાનિધાન જો—જુદા૦

કોઇ ન રોગ સતાવે યમ આપે નહીં,
દર્શન આવે જ્યારે કંઠે પ્રાણ જો;
થાયે રામાયણ ભગવદ્‌ગીતા તણું,
શ્રવણ સ્મરણ દેનારૂં પદ નિરવાણ જો—જુદા૦

ઉગરી જાઉં મહાન ભયંકર કષ્ટથી,
સુખશાંતિ સર્વાંગે અતી વરતાય જો:
નામ પરા પશ્યન્તિવાણી મધ્યમાં,
આપ તણું વૈખરી વડે લેવાય જો—જુદા૦

સારો આટલી ગરજ અરજ દીન દાસની,
લક્ષ વિષે લહી વેગે શ્રી "**ભગવાન**" જો;
ભલો ભુંડો પણ અંશ વિભુ છું આપનો,
નહીં કરાએ ચક્ષુ આડાકાન જો—જુદા૦